ૐ

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો,
વિચરતી અને વિમુક્ત જાતિઓ, અનુસૂચિત
જાતિઓ તેમજ અનુસૂચિત જન જાતિઓની
યોજનાઓની વાર્ષિક આવક મર્યાદામાં
વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૧૩-૪૩૮-અ.૧(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૩/૨૦૧૯

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧

**<u>પ્રસ્તાવના:</u>**

વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના આ વિભાગના તા.૧૫/૦૮/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની આઠ યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક: (૨) સામેના આ વિભાગનાં તા.૨૫/૦૧/૨૦૧૯નાં ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓની આવક મર્યાદામાં સુધારો/વધારો કરવામાં આવેલ છે. સાથો સાથ બિનઅનામત વર્ગો માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સમકક્ષ કોમર્શિયલ પાયલોટની તાલીમ માટેની લોન યોજના પણ દાખલ કરવામાં આવેલ છે. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓની વાર્ષિક આવક મર્યાદામાં સુધારો થતાં, રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, અનુસૂચિત જાતિઓ તેમજ અનુસૂચિત જન જાતિઓના વિદ્યાર્થીઓ માટે ચાલતી સમાન પ્રકારની યોજનાઓમાં વિષમતા ન રહે તે માટે તેઓની યોજનાઓમાં પણ વાર્ષિક આવક મર્યાદામાં સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**<u>ઠ રા વ</u> :**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓમાં કરેલ વાર્ષિક આવક મર્યાદાના આધારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલિત <u>સમાન પ્રકારની યોજનાઓમાં</u> નીચે દર્શાવ્યા મુજબ વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવે છે.

| અનુ. | યોજના | S.C./S.T./S.E.B.C./N.T.-D.N.T. માટેની સમાન પ્રકારની યોજનાઓમાં હાલની વાર્ષિક આવક મર્યાદા | સુધારેલ વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|---|
| ૧ | ટ્યુશન સહાય યોજના/શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય | અનુસૂચિત જાતિ રૂ.૧.૫૦ લાખ, વિજ્ઞાન પ્રવાહ | રૂ. ૪.૫૦ લાખ |
| | | અનુસૂચિત જાતિ રૂ.૦.૬૦ લાખ, સામાન્ય પ્રવાહ | રૂ. ૪.૫૦ લાખ |
| | | અનુસૂચિત જનજાતિ રૂ.૧.૫૦ લાખ, વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ | રૂ. ૪.૫૦ લાખ |
| | | વિચરતી અને વિમુક્ત જાતિ રૂ.૧.૫૦ લાખ, વિજ્ઞાન પ્રવાહ | રૂ. ૪.૫૦ લાખ |
| ૨ | ભોજન બીલ સહાય યોજના | અનુસૂચિત જાતિ રૂ.૨.૫૦ લાખ | રૂ. ૪.૫૦ લાખ |
| | | અનુસૂચિત જનજાતિ રૂ.૨.૫૦ લાખ | રૂ. ૪.૫૦ લાખ |
| | | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ રૂ.૨.૫૦ લાખ | રૂ. ૪.૫૦ લાખ |
| 3 | સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ રૂ.૨.૦૦ લાખ | રૂ. ૪.૫૦ લાખ |

**૨.** વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત વર્તમાન ટ્યુશન સહાય યોજના હાલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ફક્ત અતિ પછાત એવી ૪૦ વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે જ અમલમાં છે. આ યોજનાનો વિસ્તાર કરીને હાલના ધારાધોરણો પ્રમાણે જ હવે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની બાકીની જાતિઓનાં વિદ્યાર્થીઓને પણ લાગુ કરવામાં આવે છે. આ ઠરાવનો અમલ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧-૦૩-૨૦૧૯ની નોંધ અને સરકારશ્રીની તા.૦૮-૦૩-૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ સવિનય રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.વિ..)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા મારફત)
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ ખાતા મારફત).
- સેકશન અધિકારીશ્રી, તમામ શાખાઓ, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૧૯.